# તલોદમાં લગ્નસરાની મોસમથી લારી-ગલ્લાવાળાને ઘરાકીમાં તેજી

## કમોસમી વરસાદથી ખેતપેદાશોને થયેલ માઠી અસર ભુલી ખેડૂતો લગ્નસરાંની ખરીદીમાં વ્યસ્ત

તલોદ, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાની વેપારીનગરી તલોદ રાજ્યભરમાં ખેતપેદાશોના બજાર માટે આગવું સ્થાન ધરાવે છે. તાજેતરમાં કમોસમી વરસાદના કેરના કારણે ખેડૂતોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. જેના કારણે બજારમાં વેપારીઓ માટે પણ વેપાર-ધંધામાં મંદીનો સામનો કરવાનો વારો આવ્યો છે. આ સમયે લગ્નસરાની મોસમ માથે આવીને બેસતા માર્કેટયાર્ડના વેપારીઓ-ખેડૂતો તમામ ઉછીના પાછીના કરીને પણ વ્યવહાર ઉકેલવામાં વ્યસ્ત બન્યા છે.

બજારમાં નાણાંકીય તંગી વર્તાઈ રહી હોવાની અસર તળે અખાત્રીજે અનેક લગ્નોના આયોજનો ગોઠવાયા છે. તલોદ બજારમાં નાના-મોટા લારી-ગલ્લાવાળાથી માંડીને વેપારી વર્ગને અત્યારે લગ્નસરાની ખરીદીનો ફાયદો મળી રહ્યો છે. આશરે ૧૦૫ ગામડા આવરી લેતો તલોદ તાલુકો ગ્રામ્ય ઘરાકીથી ઉભરાઈ રહ્યો છે.

જેમાં કરિયાણુ, કાપડ, મંડપ ડેકોરેટર્સ, બેન્ડવાજા, બુટ-ચંપલ, ઠંડા પીણા આઈસ્ક્રીમ, હોટલો તમામને લગ્નસરાની ઘરાકીનો ફાયદો મળી રહ્યો છે. માર્કેટયાર્ડમાં માલ વેચવા આવતા ખેડૂતો વરસાદી આફતથી થયેલા નુકશાનની વ્યથા વેપારીઓ સમક્ષ ઠાલવી રહ્યા છે. આ ઉપરાંત વરસાદી માહોલને કારણે પેદા થયેલ ડબલ ઋતુની સીઝનને કારણે બિમારીનું પ્રમાણ વધતા દવાખાના પણ દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે.

# પુનાસણ નજીકથી કારના ગુપ્ત ખાનામાંથી છુપાવેલ ૬૪ કિલો ચાંદી સાથે ત્રણ ઝડપાયા

હિંમતનગર, તા.૧૪

સાબરકાંઠા જીલ્લાના હિમતનગર તાલુકાના પુનાસણ ગામ નજીક બુધવારે રાત્રે ગાંભોઈ પોલીસ વિદેશી દારૂ આવતો હોવાની બાતમી ને લઈને વોચમાં ઉભી હતી દરમિયાન એક શંકાસ્પદ કાર ને ઉભી રાખી તપાસ કરતા કાર ચાલક અને તેની બાજુની સીટ નીચે બનાવેલ ગુપ્ત ખાનામાંથી ૬૪ કિલો ચાંદીનો જથ્થામાં ચાંદીની પાટ અને દાગીના હતા.પોલીસે ચાંદી, કાર અને રોકડ.મોબાઈલ ફોન મળી કુલ રૂ ૨૦ લાખ ૫૩ હજાર ૭૦૦ નો મુદ્દામાલ કબજે લઈ ત્રણેય વિરુદ્ધ ગાંભોઈ પોલીસ મથકે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

અંગે ની વિગત એવી છે કે સોમવારે રાત્રે ૩ વાગે ચાલક ઈબ્રાહીમ,ઈકબાલ અને કુવરસિંહ ત્રણેય જણા કાર નંબર યુ.પી.૮૫એઈ૮૮૬૮માં આગ્રા ફ્વારા વિસ્તારમાં રહેતા ધીરુભાઈ -જાપતિ ના ઘરે થી આ ચાંદીનો જથ્થો ભર્યો હતો.દરમિયાન બુધવારે રાત્રે ગાંભોઈ થી શામળજી માર્ગ પર આવેલ પુનાસણ નજીક વોચ કરી રહેલ ગાંભોઈ પોલીસેને કાર શંકાસ્પદ જણાતા કાર ઉભી રાખી ચાલક સહીત ત્રણેય ની પૂછપરછ ચાંદીના જથ્થા ના કોઈ આધાર પુરાવા ન હોવાનું જણાવેલ વધુ પૂછ પરછ કરતા આગ્રા થી ચાંદી લઈ અમદાવાદ માણેકચોક આપવા જઈ રહ્યા છીએ જેથી ગાંભોઈ પોલીસે ૧૫ લાખની ચાંદી અને ૫ લાખની કાર ,રોકડ અને મોબાઈલ ફોન મળી કુલ રૂ ૨૦ લાખ ૫૩ હજાર ૭૦૦ નો મુદ્દામાલ કબજે લઈને ત્રણેય વિરુદ્ધ ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે ગાંભોઈ પીએસઆઈબી.જી.સિસોદીયાએ જણાવેલ કે મૂળ ગુજરાતના રાજકોટના સોનાચાંદીના વેપારી ધીરુભાઈ -જાપતિ જે છેલ્લા ત્રણ મહિના થી ધીરુભાઈ -જાપતિને ત્યાં નોકરી કરું છુ અને આ ધીરુભાઈ -જાપતિની કાર હું ચાલવું છુ. અમે ત્રણ વખત ચાંદીનો પર બેન હોય અને વધુ કીમતી હોય તે વસ્તુઓની દાણચોરી વધુ થતી હોય છે સોનું ચાંદી અને હીરાની દાણચોરી હવાઈ માર્ગે વધુ થાય છે


(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

કેટલાય સમયથી આગ્રા ફુવારા વિસ્તારમાં રહે છે અને ત્યાંથી ચાંદીનો જથ્થો અમદાવાદ માણેકચોકમાં કાર મારફતે ડીલીવરી આપવા મોકલે છે.તો બીજી તરફ કાર ચાલક મોહમદ ઈબ્રાહીમ બાબુખાન અબ્બાસીએ જણાવેલ કે હું છેલ્લા જથ્થો માણેકચોકમાં આપી ગયા છીએ.જેમાં દોઢ મહિના પહેલા -થમ વખત ૩૫ કિલો એક મહિના પહેલા બીજી વખત૬૨ કિલો ડીલીવરી આપી દીધી છે અને ત્રીજી વખત ૬૪ કિલો આપવા જતા પોલીસે ઝડપી પાડ્યા છે.જે વસ્તુ પરંતુ હવે રોડ માર્ગે પણ દાણચોરોએ વિવિધ તરકીબો અજમાવી સોના ચાંદીની દાણચોરી કરવાની શરુ કરી દીધી છે.અને એવીજ એક ગુપ્ત ખાનાવાળી કાર પકડાઈ છે એ ખાનામાંથી ૬૪ કિલો ચાંદી પણ મળી આવી છે.


ખેડબ્રહ્માં પોલીસે સોમવારે ખેડવા ગામેથી વિદેશી દારૂની ૬૦ બોટલ તથા છોટા હાથી સહિત રૂ. ૧,૨૭,૨૦૦ના મુદ્દામાલ સાથે એક ઈસમની ધરપકડ કરી જેલ હવાલે કરી દીધો છે. ખેડબ્રહ્મા પોલીસના જણાવ્યા અનુસાર તાલુકાના ખેડવા ગામે સોમવારે સાંજના ૬ વાગ્યાના સુમારે પેટ્રોલિંગ વખતે છોટા હાથી નંબર જીજે-૯-એવી-૩૧૪૯ને અટકાવી તપાસ કરતા વિદેશી દારૂની બોટલ નંગ ૬૦ મળી આવી હતી. જેથી પોલીસે વિદેશી દારૂ રૂ. ૭૨૦૦ તથા રૂ. ૨૦,૦૦૦ મળી કુલ રકમ રૂ. ૧,૨૭,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કરી વડાલીના બેચર મોહનભાઈ ઠાકરડાની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો. (તસવીર : રમેશ વૈષ્ણવ)

# હિંમતનગરમાં ડૉ. બાબા સાહેબ આંબેડકર ભવનનું લોકાર્પણ

હિંમતનગર, તા. ૧૪

ભારતના બંધારણનાં ઘડવૈયા ભારત રત્ન ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫ મી જન્મજયંતી સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર ખાતે ભવ્ય ઉજવણી કરવામં આવી હતી જયાં રાજયના સામાજીક અને ન્યાય અધિકારીતા મંત્રી રમણલાલ વોરાના હસ્તે રૂ. ૯૫ લાખના ખર્ચે નિર્માણ પામેલ આંબેડકર ભવનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું

આ પ્રસંગે ઉપસ્થિત મંત્રી રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે, રાજય સરકાર દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન ડો. બાબા સાહેબ આંબેડકરના જીવન કવન આધારિત વિવિધ કાર્યક્રમો દ્વારા તેની ઉજવણી કરવાનું નક્કી કરાયું છે. જેના પાછળ રૂ. ૧૨૫ કરોડ ખર્ચવામાં આવશે. જેમાં જિલ્લાની માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક વિભાગની ક્યુડીસી સેન્ટરની શાળાઓ ખાતે ડાૅ. બાબા સાહેબ આંબેડકરના જીવનકવન વિષય પર વકતૃત્વ નિબંધ અને ચિત્ર સ્પર્ધાઓ પણ યોજવામાં આવશે. વધુમાં મંત્રીએ આંબેડકરના જીવન ચરિત્રના પ્રસંગોનો ઉલ્લેખ કરતા મહીલા સશક્તિ કરણ અને હિન્દુ કોડ બિલથી મહિલાઓની સરખી ભાગીદારીની વાત વર્તમાન સમયમાં ઉપયોગી સાબિત થઈ રહી હોવાનું જણાવી સમગ્ર બંધારણ સમગ્ર રાષ્ટ્રના નિર્માણનું ભગીરથ કાર્ય કર્યુ હોવાનું જણાવ્યું હતુ. મંત્રીએ આગામી સમયમાં રાજય સરકાર ધ્વારા દલિત ઉત્કષ અંગે સમગ્ર ગુજરાત રાજયના ૩૩ જિલ્લા અને ૮ મહાનગરમાં સામાજીક સમરસતા યાત્રા કરવામાં આવશે જેમાં આંબેડકરના જીવનકવનને આવનારી પેઢીને જાણવા મળશે ઉપરાંત સમાજપયોગી વિવિધ કલ્યાણકારી યોજનાઓની જાણકારી આપવામાં આવશે.

ભવનના લોકાર્પણ પ્રસંગે મંત્રીશ્રી એ જણાવ્યું હતું કે સમગ્ર સાબરકાંઠા જિલ્લાની ૧૧ વર્ષ જૂની માંગણી આજે સંતોષાઈ છે. જેના પરીપાક રૂપે હિંમતનગર શહેરમાં રૂ. ૯૫ લાખના ખર્ચે આ ભવ્ય ભવનનું નિર્માણનું સ્વપન સાકાર થયું છે. તેમને આ ભવન થકી સમાજના અંત્યજ વર્ગના વિધાર્થીઓને શૈક્ષણિક સહાય અને માર્ગદર્શન મળી રહેશે જે સમાજ ઉત્કર્ષનું કેન્દ્ર બનશે.ભવનના લોકાર્પણ કાર્યક્રમમાં ઉપસ્થિત જિલ્લા પ્રભારી અને ગૃહ રાજય મંત્રી રજનીકાન્ત પટેલે જણાવ્યું હતું કે, સામાજીક સમરસતાથી વિકાસનું નવુ માધ્યમ ઉભુ કરી શકાય છે. સમગ્ર રાજયમાં આવો સમરસતાનો ભાવ પેદા થાય તે માટે રાજય સરકાર આંબેડરની ૧૨૫મી જન્મ જયંતિ વર્ષને સામાજીક સમરસતા વર્ષ ઉજવી રહ્યું છે.આ પ્રસંગે રાજયની કલ્યાણકારી યોજના અંતર્ગત જિલ્લાના ૩૫૮ લાભાર્થીઓ રૂ.૭૮ લાખના સહાયના ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં સાસંદ દિપસિંહ રાઠોડ, જિલ્લા પંચાયત પ્રમુખ શાન્તાબેન પટેલ, હિંમતનગરના ધારાસભ્ય શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા, વડગામના ધારાસભ્ય શ્રી મણીભાઈ વાઘેલા, પ્રાંતિજના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા સહિત કલેકટર પી. સ્વરૂપ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી નાગરાજન, પોલીસ વડા પ્રવીણ માલ સહિત અગ્રણી મોટી સંખયામાં ઉપસ્થિત રહ્યા હતા.

# માનવ કલ્યાણ યોજના અંતર્ગત સ્વરોજગારીના સાધન સહાય મેળવવા બીપીએલ લાભાર્થીઓ જોગ

પાલનપુર, તા.૧૪

જિલ્લા ઉધોગ કેન્દ્ર પાલનપુર દ્વારા ચાલુ વર્ષે માનવકલ્યાણ યોજના અંતર્ગત સ્વરોજગારીનાં સાધન સહાય મેળવવા માટે અરજદારે નિયત નમુનામાં અરજીફોર્મ મેળવી તેની સાથે પાસપોર્ટ સાઈઝનો ફોટો, ચૂંટણી કાર્ડ, રેશનકાર્ડ, નગરપાલિકા વિસ્તારના/ ગ્રામ્ય વિસ્તારના લાભાર્થીઓએ ૦ થી ૧૬ સ્કોરના સક્ષમ સત્તાાધિકારી પાસેથી દાખલો મેળવી અસલ દસ્તાવેજો સાથે તા.૩૦-૪-૨૦૧૫ સુધીમાં લાભાર્થીઓએ સ્વયં હાજર રહેવું. અન્ય કોઈ વ્યકિતઓ મારફત અરજીફોર્મ સ્વીકારવામાં આવશે નહિ. આ અંગે વધુ માહિતી અને માર્ગદર્શન મેળવવા જીલ્લા ઉધોગ કેન્દ્ર, જોરાવર પેલેસ કમ્પાઉન્ડ, પાલનપુરના સંપર્ક કરી શકાશે.

જીલ્લા ઉધોગ કેન્દ્રની અન્ય યોજનાઓના લાભ લેવા રૂબરૂમાં અત્રેની કચેરીનો સંપર્ક સાધવા જનરલ મેનેજરશ્રી જીલ્લા ઉધોગ કેન્દ્ર પાલનપુર દ્વારા જણાવાયું છે.

# પાલનપુર મુકામે ભારતીય બંધારણના ઘડવૈયા ડૉ. બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતિ ઉજવાઈ

પાલનપુર, તા.૧૪

આજે તા. ૧૪ એપ્રિલના રોજ પાલનપુર મુકામે ભારતીય બંધારણના ઘડવૈયા યુગ પુરૂષ ડાૅ.બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી. આ સરકાર તા.૧૪ એપ્રિલ-૨૦૧૫થી તા.૧૪ એપ્રિલ-૨૦૧૬ સુધી આખું વર્ષ ઉજવણી કરશે. આ ઉજવણીને અનુલક્ષી સમગ્ર વર્ષ દરમ્યાન વિવિધ કાર્યક્રમો યોજાશે. તેમણે કહ્યું કે ડાૅ.બાબા સાહેબે ઘડેલા બંધારણથી આ દેશ ચાલે છે. તેમણે ડાૅ.બાબા સાહેબના વિચારોને જીવનમાં ઉતારવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી કાળુભાઈ આસેડીયા, સામાજીક આગેવાનશ્રી બાગી પાલનપુરી અને શ્રી રતિલાલ ઉમંગીએ પ્રાસંગીક


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પ્રસંગે કલેકટરશ્રી દિલીપ રાણા, ધારાસભ્યશ્રી મહેશભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.કે. પટેલ સહિત અધિકારીઓ અને અગ્રણીઓએ ડાૅ.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને ફૂલહાર અર્પણ કરી શ્રધ્ધાજંલિ અર્પણ કરી હતી. આ જે અંતર્ગત સવારે-૭-૩૦ વાગે ડાૅ.બાબા સાહેબ આંબેડકર ચોક સાત સંચાથી વિશાળ બાઈક રેલી નીકળી હતી.

આ પ્રસંગે કલેકટરશ્રી દિલીપ રાણાએ જણાવ્યું હતુ કે બંધારણના ઘડવૈયા, દલિતોના મસીહા અને પછાત વર્ગોના તારણહાર ડાૅ.બાબા સાહેબ ભીમરાવ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિને રાજય બંધારણમાં આપેલા સમાનતા, સ્વતંત્રતા અને બંધુત્વના સિધ્ધાંતોને આધારે આપણા કાયદાઓ કામ કરી રહ્યા છે. કલેકટરશ્રીએ કહ્યું કે ડાૅ.બાબા સાહેબ શિક્ષણ ઉપર ખાસ ભાર મુકતાં હતા. ૨૧ મી સદીમાં શિક્ષણ વિના જરાય ચાલે તેમ નથી ત્યારે આપણા બાળકોને સારૂ શિક્ષણ અપાવીએ અને બાબા સાહેબના વિચારોને જન જન સુધી પહોચાડીએ.

ધારાસભ્યશ્રી મહેશભાઈ પટેલે ડાૅ.બાબા સાહેબને શ્રધ્ધાજંલિ આપતાં જણાવ્યું હતુ કે ડાૅ. બાબા સાહેબની જન્મજયંતિ પ્રસંગે તેમના મહાન કાર્યોને યાદ કરી તેમના જીવનમાંથી પ્રેરણા મેળવીએ. તેમણે પ્રવચનો કર્યા હતા.

આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખશ્રી હસમુખભાઈ પઢીયાર, તાલુકા પંચાયતના પ્રમુખશ્રી ધનજીભાઈ પરમાર, ડાૅ.આંબેડકર ઉજવણી સમિતિના પ્રમુખશ્રી દિપક ચાંદરેઠીયા, અગ્રણીઓ સર્વશ્રી મુકેશભાઈ ચૌહાણ, શ્રી અનિકેતભાઈ ઠાકર, શ્રી ભરતભાઈ પરમાર, શ્રી અશ્વિન સકસેના, શ્રી રાજુભાઈ ડાભી, જિ.પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી એમ.કે. પરમાર, સમાજ કલ્યાણ અધિકારીશ્રી અર્જુનભાઈ પટેલ સહિત અધિકારીઓ, સામાજીક અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# બેરણાની પરિણીતાને અપમાનિત કરી ધમકી આપનાર દંપતિ વિરૂધ્ધ ફરિયાદ

હિંમતનગર, તા.૧૪

હિંમતનગર તાલુકાના બેરણા ગામમાં રહેતી અનુસૂચિત જનજાતિ સમાજની મહિલાએ ગામના જ બારોટ સમાજના ઈસમ સાથે લગ્ન કર્યા હોઈ લગ્ન કરનાર શખ્સના કૌટુંબિક દંપતિએ એકાદ મહિના અગાઉ લગ્ન કરનાર મહિલાને જાતિ પ્રત્યે અપમાનિત કરી ગાળો ભાંડી જાનથી મારવાની ધમકીઓ આપતા મામલો ગરમાયો છે. મહિલાએ બેરણાના દંપતિ વિરૂધ્ધ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દર્જ કરી સમગ્ર પ્રકરણની તપાસ હાથ ધરી છે.

આ અંગે ગાંભોઈ પોલીસ સ્ટેશનના સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર બેરણાના અનુસૂચિત જનજાતિ સમાજના કોકિલાબેને ગામના બારોટ સમાજના ગણપતભાઈ સોમાભાઈ બારોટ સાથે લગ્ન કર્યા હોઈ તેમના કુંટુંબના પરેશભાઈ ભીખાભાઈ બારોટ અને તેમના પત્નિ નીપલબેન બારોટ મહિલાને લગ્ન કરવા માટે બારોટ જ મળ્યો તેમ કહી એકાદ મહિના અગાઉ મ્હેણાંટહોણાં મારી જાતિ પ્રત્યે અપમાનિત કરતા હતા. ગત ૬ ઠ્ઠી માર્ચના રોજ બેરણાના દંપતિએ કોકિલાબેનને જાતિ પ્રત્યે અપમાનિત કરી ગાળો ભાંડી હતી અને જાનથી મારી નાખવની ધમકીઓ આપતા મહિલાએ તે અંગે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.ગાંભોઈ પોલીસે મંગળવારે કોકિલાબેનની ફરિયાદ આધારે બેરણાના દંપતિ વિરૂધ્ધ એટ્રોસીટીની કલમો હેઠળ ગુનો દર્જ કરી સમગ્ર પ્રકરણની તપાસ હાથ ધરી છે.

# પાલનપુરમાં અજાણી સ્કૂટી ચાલક યુવતીને અકસ્માત

## યુવતીની નાજુક હાલત વચ્ચે ઓળખ છતી ન થતા સિવિલના સત્તાવાળાઓ મુંજવણમાં

પાલનપુર, તા.૧૪

પાલનપુરની પોલીટેકનીક કોલેજ સામે એક અજાણી યુવતીને અકસ્માત નડયો હતો. જેને ગંભીર હાલતમાં પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. જોકે, ગંભીર હાલત વચ્ચે


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)



યુવતીના વાલી-વારસો ન મળી આવતા ખુદ સિવિલના સત્તાવાળાઓમાં પણ દોડધામ મચી જવા પામી હતી.

પાલનપુર પોલીટેકનીક કોલેજ સામેથી પુરઝડપે જઈ રહેલી એક સ્કુટીચાલક યુવતીને અકસ્માત નડયો હતો. સ્કુટી સ્લીપ ખાતા યુવતીનું માથું ડીવાઈડર પર ભટકાતા તેને

ગંભીર ઈજા થઈ હતી. જેને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાઈ હતી. જોકે, એક બાજુ સ્કુટી ચાલક યુવતીની હાલત નાજુક હતી. અને જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહેલી યુવતીને અમદાવાદ રીફર કરવાની તાતી જરૂરીયાત વર્તાઈ રહી હતી. ત્યારે બીજી બાજુ યુવતીની ઓળખ છતી ન થતા સિવિલના સત્તાવાળાઓ પણ ફાંફે ચડયા હતા. બાદમાં આર.ટી.ઓ કચેરીથી યુવતીના પરિવારજનોનો પત્તો મેળવી જાણ કરવામાં આવી હતી. દરમિયાન, ગંભીર હાલતમાં રહેલી યુવતીની ઓળખ છતી છતા પીન્કી પિન્ટુભાઈ પઢીયાર નામની આ યુવતીના પરીવારજનો સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. બાદમાં તેને તાકીદે વધુ સારવાર અર્થે પાલનપુરની ખાનગી હોસ્પિટલમાં રીફર કરાઈ હતી.

# ઈડરના ઝુમસરમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાનું અનાવરણ કરાયું

હિંમતનગર, તા.૧૪

સામાજિક સમરસતાના જનનાયક ભારતરત્ન ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫ની જન્મજયંતિની ઉજવણીના પ્રસંગે ઈડર તાલુકાના જુમસર ગામે મંત્રી રમણલાલ વોરાના હસ્તે આંબેડકરની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

ડો. બાબાસાહેબ આંબેડકરે છેવાડાના માનવીને શિક્ષણ અને અધિકાર પ્રાપ્ત કરવા માટેનો રાહ આપ્યો છે. બંધારણની જોગવાઈઓ અનુસાર સમાજના નાનામાં નાના વર્ગને પોતાના હક્કો માટેની તક મળી છે. આજે તેમની જન્મજયંતિ પ્રસંગે તેમણે ચિંધેલા માર્ગને અપનાવીએ તો સામાજિક સમરસતાથી વિકાસનો નવો માર્ગ ઉભો કરી શકાય છે.

પ્રતિમા અનાવરણ કાર્યક્રમ પ્રસંગે સાસંદ દીપસિંહ રાઠોડ, ભિલોડાના ધારાસભ્ય અનિલભાઈ જોષીયારા, વડાગામના ધારસભ્ય મણીભાઈ વાઘેલા દલિત અગ્રણી રામભાઈ સોલંકીએ પ્રસંગોચિત ઉદબોધન કર્યુ હતું.આ કાર્યક્રમમાં સમાજના અગ્રણી કરશનભાઈ મકવાણા, ભગાભાઈ પરમાર, નરેશભાઈ જે. પરમાર સહિત આસપાસના ગામમાંથી મોટી સંખયામાં સમાજના બંધુઓ ઉપસ્થિત રહ્યાંહતા.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮,
કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧